पु॰ना International School
Shree Swaminarayan Gurukul, Zundal

# Class -V

# GUJARATI

# Assighment


# Year- 2020-21



# ગુજરાતી

## ધોરણ ૩

(પ્રથમ સત્ર - દ્વિતીય સત્ર)



Scanned with CamScanner

| ક્રમ | પાઠનું નામ |
|---|---|
| | **S.A-2** |
| **7** | કીડી અને કબૂતર |
| **8** | હુ છું ખાખી બાવો |
| **9** | કંઈ એકલાં ખવાય? |

# 7 કીડી અને કબૂતર

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.

1) કબૂતરે પાણીમાં પાન શા માટે ફેંક્યું?

જ) કીડી પાણીમાં તણાઇને જતી હતી એટલે તેને બચાવવાં કબૂતરે પાન ફેંક્યું.

2) કીડી અને કબૂતરનાં રહેઠાણનાં નામ લખો?

જ) કીડી દરમાં રહે છે અને કબૂતર માળો બાંધીને રહે છે.

3) કબૂતર ક્યાં બેઠું હતું?

જ) કબૂતર ઝાડ પર બેઠું હતું.

4) કબૂતરનો શીકાર કરવા કોણ આવ્યું?

જ) કબૂતરનો શિકાર કરવા પારધી આવ્યો.

5) કબૂતરને કોણે બચાવ્યું?

જ) કબૂતરને કીડીએ બચાવ્યું.

## વ્યાકરણ

### નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1) ઝાડ - જંગલમાં ઝાડ હોય છે.

2) પારધી - કબૂતરનો શીકાર કરવા પારધી આવ્યો.

3) કબૂતર - કબૂતર એક શાંત પંખી છે.

4) કીડી - કીડી ખુબ જ મહેનત કરે છે.

5) પાન - ઝાડની ડાળી પર પાન હોય છે.

## નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | નદી | = | સરિતા | 2) | વૃક્ષ | = | ઝાડ |
| 3) | કબૂતર | = | પારેવું | 4) | પાણી | = | જળ |
| 5) | પાન | = | પર્ણ | 6) | આભાર | = | ધન્યવાદ |
| 7) | પારધી | = | શિકારી | 8) | ચટકો | = | ડંખ |

## નીચેના વિરોધી શબ્દ લખો.

| | | | |
|---|---|---|---|
| 1) | ઉપર | X | નીચે |
| 2) | અંદર | X | બહાર |
| 3) | દિવસ | X | રાત |
| 4) | ઉપકાર | X | અપકાર |

# 8. હું છું ખાખી બાવો

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | પળ | = | ક્ષણ |
| 2) | આટો | = | લોટ |
| 3) | ખપે | = | જોઇએ |
| 4) | વૈરાગી | = | બાવો |
| 5) | મુજને | = | મને |
| 6) | મૈયા | = | માતા |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

1) બાવાને જમવા માટે શું શું જોઇએ છે?
જ) બાવાને જમવા માટે ખીચડી જેવો સાદો ખોરાક જોઇએ છે.

2) બા બાવાને શી આજીજી કરે છે?
જ) બા બાવાને ચીપિયો ન ખખડાવવા માટે આજીજી કરે છે.

3) વેશ હટાવી બચુ બાને શું કહે છે?
જ) વેશ હટાવી ડાહ્યો થઇને ' બા હું આવો ' એવું કહે છે.

4) બાવો મનમોજીલો બનીને શું કરવાનું કહે છે?
જ) બાવો મનમોજીલો બનીને ભગવાનનું ભજન કરવાનું કહે છે.

5) બચુ કેવી રીતે બાવો બન્યો?
જ) માથા પર જટા લગાવી અને શરીર પર ભભૂત લગાવી બચુ બાવો બન્યો.

## વ્યાકરણ

### નીચેના દરેક શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1) ભભૂત - ભભૂત લગાવી હું બાવો બન્યો.
2) રસોઇ - બા રસોઇ બનાવે છે.
3) ખીચડી - મને ખીચડી બહું ભાવે છે.
4) સરપાવ - સારું કામ કરવાથી સરપાવ મળે છે.

### નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પળ | = | ક્ષણ | 2) | ભભૂત | = | ભસ્મ |
| 3) | આટો | = | લોટ | 4) | વૈરાગી | = | સાધુ |
| 5) | સરપાવ | = | બક્ષિસ | 6) | આજીજી | = | વિનંતી |
| 7) | હમણા | = | અત્યારે | 8) | વેશ | = | પોશાક |

### નીચેના વિરોધી શબ્દ લખો.

1) વૈરાગી X સંસારી
2) ના X હા
3) જશ X અપજશ
4) ડાહ્યો X ગાંડો

# 9. કંઇ એકલા ખવાય

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | સીમાડે | = | ગામને છેડે |
| 2) | કૂબો | = | ઘાસનું ઝૂંપડું |
| 3) | પીલાં | = | મરઘીનાં બચ્ચાં |
| 4) | ઉમળકો | = | ઉત્સાહ |
| 5) | ચોવટ | = | પંચાત |
| 6) | દહાડો | = | દિવસ |
| 7) | અંકુર | = | ફણગો |
| 8) | ઢૂંકવું | = | નજીક જવું |

## સાહિત્ય

નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

1) ઇસ્માઇલની વાડીનું વર્ણન કરો?

જ) ઇસ્માઇલની વાડી બારેમાસ લીલીછમ જ હોય. બાજરી પછી તરત જુવાર એમ ઇસ્માઇલની વાડી વખણાય.

2) મરઘીબાઇએ સૂંઢલ કરવા માટે કોને કોને પૂછી જોયું?

જ) મરઘીબાઇએ સૂંઢલ કરવા માટે લાલિયા કૂતરાને, ગલબા શિયાળા પાસે અને ડાહ્યા ડુક્કરને પૂછ્યું.

3) ડાહ્યા ડુક્કરે મરઘીબાઇને શો જવાબ આપેલો?

જ) ડાહ્યા ડુક્કરે મરઘીબાઇને કહ્યું હતુ કે, " ના રે, બાઇ ના. ખેતી વળી કેવી? આ બધા ખેતી કરે છે કોના માટે ? ખાઇપીને મજા કરો! પેટ ચોળીને શૂળ શા માટે ઊભું કરો છો?.

4) મકાઇ તૈયાર થયા પછી મરઘીબાઇએઅંતે શો વિચાર કર્યો?

જ) ડાહ્યા ડુક્કરે મરઘીબાઇને કહ્યું હતુ કે, " ના રે, બાઇ ના. ખેતી વળી કેવી? આ બધા ખેતી કરે છે કોના માટે ? ખાઇપીને મજા કરો! પેટ ચોળીને શૂળ શા માટે ઊભું કરો છો?.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) મકાઇના દાણા જોઇને મરઘીને શો વિચાર આવ્યો?

જ) ઇસ્માઇલે મરઘાઘર આગળ મકાઇના દાણા વેર્યા હતાં. આ સરસ મજાનાં મકાઇના દાણા જોઇને મરઘીને થયું કે આ બધા દાણા હું ખા-ખા કરું ને દાણા હું પકવું નહિ તે કેમ ચાલે? આમ, મરઘીને મકાઇના દાણા વાવવાનો વિચાર કર્યો.

2) સૌને ખુશામત કરતાં જોઇ મરઘીના મનમાં શો વિચાર આવ્યોં?

જ) સૌને ખુશામત કરતાં જોઇ મરઘીના મનમાં વિચાર આવ્યો કે, ‘ મહેનતનાં ફળ લણવાનાં થયા ત્યારે સૌ વાહવાહ કરે છે’

## વ્યાકરણ

### નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પ્રશંસા | = | વખાણ | 2) | મોજ | = | આનંદ |
| 3) | પરિશ્રમ | = | મહેનત | 4) | તન | = | શરીર |
| 5) | વખત | = | સમય | 6) | ભગવાન | = | ઈશ્વર |

### નીચેના વિરોધી શબ્દ લખો.

| | | | |
|---|---|---|---|
| 1) | રોજ | X | ક્યારેક |
| 2) | તાજું | X | વાસી |
| 3) | અડધો | X | આખો |
| 4) | ખુશ | X | નાખુશ |

### નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

1) બાગ, બગીચો, ફળઝાડનું ખેતર = વાડી

| | | | |
|---|---|---|---|
| 2) | મરઘીનું બચ્ચું | = | પીલું |
| 3) | સામસામી મદદ | = | સૂંઢલ |
| 4) | લાભ મેળવવા માટે કરાતા વખાણ | = | ખુશામત |
| 5) | અનાજ ઝાટકવાનું સાધન | = | સૂપડું |
| 6) | ભૂલ માટે પાછળથી થતો ખેદ | = | પસ્તાવો |